# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-12-2024 Day : Monday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી- મુખ્ય સચિવોની રાષ્ટ્રીય પરિષદ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં મુખ્ય સચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. આ ત્રણ દિવસીય પરિષદનો શુક્રવારથી પ્રારંભ થયો હતો. તેનો ઉદ્દેશ રાજ્યો સાથે મળીને એક સામાન્ય વિકાસ કાર્યસૂચિનું મૂલ્યાંકન અને અમલ કરવાનો છે. પરિષદમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો , વરિષ્ઠ અધિકારીઓ અને નિષ્ણાતોએ ભાગ લીધો હતો.**

**-----------------------------------------------------------------------------------**

## મહારાષ્ટ્ર : નાગપુર : મંત્રી મંડળ વિસ્તરણ

**મહારાષ્ટ્રના નાગપુરમાં ગઈકાલે સાંજે શાસક મહાયુતિ સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું. રાજભવનમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્યપાલ સી .પી. રાધાક્રિશ્નને નવા મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. મંત્રીમંડળમાં કેબિનેટ કક્ષાના 33 અને રાજયકક્ષાના છ મંત્રીઓએ શપથ લીધા હતા.**

**આ પ્રસંગે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરી , મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રીઓ એકનાથ શિંદે અને અજીત પવાર ઉપસ્થિત રહ્યા હતા. આજથી મહારાષ્ટ્ર વિધાનસભાનું સત્ર શરૂ થશે.**

**-----------------------------------------------------------------------------------**

## કેન્દ્ર–ય ગૃહમંત્રી : છતીસગઢ પોલીસ

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે માઓવાદીઓને શસ્ત્રો છોડીને સમાજની મુખ્ય ધારામાં જોડાવા અપીલ કરી છે. રાયપુરમાં છત્તીસગઢ પોલીસને પ્રતિષ્ઠિત પ્રેસિડન્ટસ કલર અર્પણ કરવાના કાર્યક્રમમાં સંબોધતા , શ્રી. શાહે કહ્યું કે છત્તીસગઢ પોલીસ છત્તીસગઢને નક્સલમુક્ત બનાવવાના કેન્દ્ર સરકારના સંકલ્પને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ બહાદુરી અને સમર્પણ સાથે નક્સલ વિરોધી અભિયાન ચલાવી રહી છે.**

-----------------------------------------------------------------------------------

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી : રાજ્ય સુરત : સેમિકન્ડકટર પ્લાન્ટ

**સુરતથી ગુજરાતના પ્રથમ સેમીકન્ડક્ટર પ્લાન્ટનો શુભારંભ કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલે કર્યો હતો. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.**

**આ પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, ડિજિટલ ક્રાંતિ માટે અતિ મહત્વના ગણાતા ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે સૌથી અગત્યનું રો-મટીરીયલ સેમી કન્ડક્ટર છે. ગુજરાતમાં આ પ્રકારના ઉત્પાદનો શરૂ થાય અને માત્ર દેશને જ નહિ , પરંતુ સમગ્ર વિશ્વને સેમિ કન્ડક્ટર પૂરા પાડી શકાય તે ઉદ્દેશ સાથે રાજ્યના ઉદ્યોગ સાહસિકો આગળ આવી રહ્યા છે.**

**ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ પ્લાન્ટ માત્ર ગુજરાતના આર્થિક વિકાસમાં જ ફાળો આપશે નહીં , પરંતુ રાજ્યને સેમીકન્ડક્ટર મેન્યુફેક્ચરીંગમાં વૈશ્વિક અગ્રણી તરીકે સ્થાપિત કરશે.**

-----------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : કચ્છ રણોત્સવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઈકાલે સફેદ રણ ધોરડો ખાતે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કચ્છી કલા અને સંસ્કૃતિને રજૂ કરતી વિવિધ પ્રસ્તુતિઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિહાળી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત મહાનુભાવોની સાથે ભારતીય પોસ્ટલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા "રણોત્સવ" થીમ આધારિત નવીન વિશેષ પોસ્ટલ કવરનું અનાવરણ કર્યું હતું.

અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ એવા શ્રી સરદાર પટેલની પુણ્યતિથિએ તેમને વંદન કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે , જેવી રીતે સરદાર સાહેબે દેશી રજવાડાઓનું વિલીનીકરણ કરીને અખંડ ભારત બનાવ્યું તેવી જ રીતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના જ પદ ચિહ્નો પર ચાલીને “એક ભારત શ્રેષ્ઠ ભારતનું” નિર્માણ કર્યું છે. આ માટે તેમણે દેશના તમામ રાજ્યોની ભાષા , સંસ્કૃતિ અને પ્રવાસનને મહત્વ આપ્યું છે. રણની સંસ્કૃતિ અને પ્રવાસનને ઉજાગર કરતો આજનો આ રણોત્સવ પણ “એક ભારત શ્રેષ્ઠ ભારત ”ને સાકાર કરવાનો જ અવસર છે.

સાંસ્કૃતિક કાર્યક્રમ નિમિત્તે રાજ્યના પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે , ગુજરાતની ધરતી હંમેશા કલા સાહિત્યથી ધબકતી રહી છે. પ્રધાનમંત્રશ્રીના વિઝનથી અને ગુજરાત સરકારના પ્રયાસોથી કચ્છનું સફેદ રણ આજે વર્લ્ડ ફેમસ ડેસ્ટિનેશન બન્યું છે. રણોત્સવ માત્ર ઉત્સવ જ નહીં પણ કચ્છના લોકો માટે રોજગારીનું માધ્યમ બનીને ઊભરી આવ્યો છે. દેશમાં આજે રણોત્સવ કચ્છ સહિત ગુજરાતના લોકો માટે વિકાસના મોડેલ તરીકે પ્રસ્થાપિત થયો છે.

પૂર્ણ ચાંદની રાતે કચ્છી લોક સંગીત અને કલાઓને ઉજાગર કરતી વિવિધ પ્રસ્તુતિઓને મુખ્યમંત્રીશ્રીએ નિહાળી હતી.

--------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી : મન કી બાત કાર્યક્રમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી ડિસેમ્બરનાં આકાશવાણી પર 'મન કી બાત ' કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.

લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર આ કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પણ લોકો પોતાનાં વિચારો રજૂ કરશે. 27 ડિસેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક , AIR ન્યૂઝ વેબસાઈટ અને newsonair મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત AIR ન્યૂઝ, ડીડી ન્યૂઝ, PMO અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી પર હિન્દી ભાષામાં પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

--------------------------------------------------------------------------------

## હવામાન

રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ ઠંડીની પકડ મજબૂત બની છે અબડાસા . તાલુકાના મુખ્ય મથકનલિયામાં 6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું .ઠંડા ઉતરીય પવનોના કારણે જિલ્લાનું ખાસ કરીને રણ અને સરહદી વિસ્તારનું જનજીવન ભારે પ્રભાવિત થયું છે કલાક સુધી વાતાવરણમાં કોઈ 24 હવામાન વિભાગ દ્વારા આગામી . મોટો ફેરફાર થવાની સંભાવના દર્શાવવામાં આવી નથી.

--------------------------------------------------------------------------------